Saturday
21.12.2024
✳Volume :9 ✳ Issue No.156
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

ગુજરાતનું ગૌરવ: સુરતનું ઈચ્છાપોર પોલીસ સ્ટેશન બન્યું દેશનું શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સુરતના ઇચ્છાપોર પોલીસ સ્ટેશનને દેશના સર્વશ્રેષ્ઠ પોલીસ મથકનો ખિતાબ પ્રાપ્ત થયો

કાયદો અને વ્યવસ્થામાં અનોખી કામગીરી માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ઇચ્છાપોર પોલીસ સ્ટેશનને એવોર્ડ પ્રદાન કરાયો

ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં ૨૦૨૨ થી ૨૦૨૪ વચ્ચે મિલકત સંબંધી ગુનાઓમાં ૭૯% થી ૮૩% ડીટેક્શન દર સાથે પ્રસંશનીય કામગીરી:એક વર્ષમાં ૨૪ નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યા

કમલમ્,

ગુજરાતમાટે ગૌરવપૂર્ણ ક્ષણ સર્જાઈ છે, કારણ કે સુરતના ઈચ્છાપોર પોલીસસ્ટેશનને કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન તરીકે માન્યતા આપવામાં આવી છે. આ સિદ્ધિ માત્રસુરત કે ગુજરાતમાટે જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને પ્રજાસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરતી એક ઐતિહાસિક ઘટના છે. આ ગૌરવપ્રદ એવોર્ડ ભુવનેશ્વરમાં આયોજિત ડીજીપી સંમેલન દરમિયાન કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને પ્રદાન કરવામાં આવ્યો. આ શ્રેષ્ઠતા માટેના પ્રદાનમાં કાયદો અને વ્યવસ્થાના ક્ષેત્રમાં સ્ટેશનની અનોખી કામગીરી, નવા ઉપાયો, નાગરિક સહયોગ અને આધુનિક ટેકનોલોજીના ઉપયોગને મુખ્ય આધારભૂત ગણવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના મોર્ડનાઈઝેશન વિભાગ દ્વારા હાથ ધરાયેલા સર્વમાં, ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિવિધ માપદંડો પર શ્રેષ્ઠ ઠર્યું છે, ત્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે પણ પોલીસ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ઈચ્છાપોર પોલીસસ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટશ્રી એ.સી. ગોહિલે ગૌરવની ક્ષણ પર ભાવુક થઈને જણાવ્યું કે, "આ એવોર્ડ માત્રમારો કે મારી ટીમનો નથી, પરંતુ સમગ્ર ગુજરાતપોલીસનાનિષ્ઠાવાન અને પ્રતિબદ્ધ કાર્યનું પ્રતિબિંબ છે. આ સિદ્ધિએ સાબિત કરી દીધું છે કે, કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સમાજ અને પોલીસ વચ્ચેનો સહયોગ કેટલો મહત્વપૂર્ણ છે. અમે જે ટેકનિકલ આધુનિકતા, નાગરિક સહકાર અને પ્રજાસેવાના ભાવ સાથે કામ કર્યું છે, તે જ આ પ્રદાન માટેનું મૂળ કારણ છે." પીઆઈશ્રી ગોહિલે વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારશ્રીની 'ત્રણ વાત અમારી, ત્રણ વાત તમારી' પહેલે નાગરિકોમાં જાગૃતિ લાવવાનો જે અભિગમ અપનાવ્યો છે, તે સફળતાનું મુખ્ય સ્તંભ છે. "આ પહેલને અમલમાં મૂકતા, નાગરિકો અને પોલીસ વચ્ચેનું અંતર ઘટ્યું છે અને લોકસહકારથી અમે વધુ પ્રભાવશાળી રીતે કામ કરી શક્યા છીએ. આ એવોર્ડ માત્ર ઈચ્છાપોર પોલીસ સ્ટેશન માટે જ ગૌરવ છે, એવું નહિપરંતુ ગુજરાતપોલીસતંત્ર માટે એક ઉત્સાહક પ્રેરણારૂપ છે. "આ સિદ્ધિ માત્ર સન્માન માટે નથી, પરંતુ ભવિષ્યમાં પણ નાગરિકોની સુરક્ષા માટે વધુ ઉત્સાહથી કામ કરવાની પ્રેરણા છે," આ સિદ્ધિએ પોલીસ અને નાગરિકોની સંયુક્ત શક્તિઓને ઉજાગર કરી છે, અને આમાં ગુજરાતના પોલીસતંત્રના આધુનિક અભિગમનું એક શાનદાર પ્રતિબિંબ જોવા મળે છે. ગુજરાત માટે ગૌરવની વાત છે, એમ કહેતા પીઆઈશ્રીએ ઉમેર્યું કે, "૨૦૧૯ પછી આપહેલીવાર છે કે ગુજરાતના કોઈ પોલીસ મથકે શ્રેષ્ઠ પોલીસ મથક તરીકે રાષ્ટ્રીય સન્માન પ્રાપ્ત કર્યું છે. આ માત્રઈચ્છાપોર પોલીસ સ્ટેશન માટે જ નહીં, પરંતુ સમગ્ર રાજ્ય માટે એક પ્રેરણાદાયક ક્ષણ છે, જે ગુજરાત પોલીસની કાર્યક્ષમતા અને જનસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે." આ પ્રતિષ્ઠિત એવોર્ડ સાથે, ઈચ્છાપોર પોલીસ સ્ટેશન નાગરિક સુરક્ષા મજબૂત બનાવવા અને પ્રજાજનો સાથેના સંબંધોને વધુ સુદ્રઢ કરવા માટે પ્રતિબદ્ધ છે. ડિજિટલીકરણમાં વધારો, આધુનિક ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ અને જનજાગૃતિ કાર્યક્રમોની યોજનાઓ સ્ટેશનના ભવિષ્યના મુખ્ય લક્ષ્યોમાં સામેલ છે.

તેમણે કહ્યું કે, "આ સિદ્ધિ સમગ્રગુજરાતપોલીસના શ્રેષ્ઠ કાર્ય અને નાગરિક સહયોગના પરિપાકનું પ્રતિબિંબ છે. આ એવોર્ડ નાગરિકોની સુરક્ષામાટે વધુ ઊંચા ધોરણો સ્થાપિત કરવા અને પોલીસ સેવા પ્રત્યેના વિશ્વાસને મજબૂત કરવા તરફ રાજ્યને પ્રોત્સાહન આપશે," અંતે, તેમણે ઉમેર્યું હતું કે, એવોર્ડ પ્રાપ્ત કર્યા પછી સુરતમાં આવીને, પ્રથમ એવોર્ડનું સેલિબ્રેશન વૃદ્ધાશ્રમમાં દિકરા અને દિકરી વિહોણા વૃદ્ધો સાથે કર્યું હતું, જેમણે હર્ષ સાથે આશિર્વાદ આપ્યા હતા.

શ્રેષ્ઠ પોલીસ મથક તરીકે પસંદગીના મુખ્ય માપદંડો

૧) અપરાધ નિવારણ અને તપાસમાં સફળતા:
ઈચ્છાપોર પોલીસસ્ટેશને ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન મિલકત સંબંધી ગુનાઓમાં ૭૯% થી ૮૩% ડીટેક્શન દર નોંધાવ્યો હતો. નાસતા ફરતા ૨૪ આરોપીઓને ઝડપી પાડવા ઉપરાંત, ગુનાઓના ઝડપી નિકાલ માટે સ્ટેશનની કામગીરી પ્રસંશનીય રહી.

૨) નાગરિક પ્રતિસાદ અને પ્રજા ભાગીદારી:
વિશ્વાસ પ્રોજેક્ટના ભાગરૂપે ૧૮૦ થી વધુ CCTV કેમેરા સ્ટેશન વિસ્તારમાં સ્થાપિત કરીને નાગરિક સુરક્ષાને વધુ મજબૂત બનાવવામાં આવી. પ્રજાજનો સાથે પેઝિટિવ સંવાદ અને જનજાગૃતિ અભિગમે સ્ટેશનને નાગરિકો માટે વધુ વિશ્વાસપૂર્વકનું બનાવ્યું છે.

૩) મહિલા અને બાળ સુરક્ષા માટે વિશેષ આયોજન:
શી-ટીમ દ્વારા મહિલાઓ અને બાળકો માટે સેલ્ફ ડિફેન્સ પ્રોગ્રામ તેમજ શાળાઓ અને કાર્યસ્થળો પર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા. તેમજ સાયબર ક્રાઈમ અવેરનેસ અભિયાન દ્વારા ટેકનોલોજી સાથે જોડાયેલા ખતરાઓ અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા.

૪) મોડર્ન ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ:
ગુનાઓના નિદાનમાં અને ડિજિટલ સાધનોનો પ્રભાવશાળી ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્ટેશનના તમામ રેકોર્ડસનું ડિજિટલીકરણ પૂર્ણ કરીને પારદર્શકતા લાવવામાં સફળતા મળી.

૫) લોકપ્રિય અને પુરસ્કાર લાયક કામગીરી:
ટ્રક ચોરીના ગુનાઓ ઉકેલવા તથા પ્રોહિબિશન કાયદાની મક્કમ અમલવારી માટેના પ્રયાસો ઈચ્છાપોર પોલીસ મથકને શ્રેષ્ઠ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થયા.



કમલમ્,

પંચમહાલ જિલ્લાના વિંઝોલ ખાતે આવેલ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ-ગોધરા અંતર્ગત શ્રી ગોવિંદ ગુરુ ટ્રાયબલ ચેર તથા ગુજરાત બાળ વિકાસ મંડળ સંચાલિત સ્વામી વિવેકાનંદ જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સિલન્સ, કાંકણપુરના સંયુક્ત ઉપક્રમે શ્રી ગોવિંદ ગુરુ જન્મજયંતી ઉત્સવ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ સાથે સંવાદનો અવસર પ્રાપ્ત થયો. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું કહેવું છે Youth એટલે Energy, Speed, Skill અને Scale. ભારતની યુવાશક્તિના સામર્થ્યને જોઈને જ તેમણે વિકસિત ભારત જ ૨૦૪૭ નો મહત્વાકાંક્ષી ધ્યેય દેશવાસીઓ સમક્ષ મૂક્યો છે.

એનડબલ્યુડીએ સોસાયટીની ૩૮મી વાર્ષિક સામાન્ય સભા અને નદીઓના ઈન્ટરલિંકિંગ માટે વિશેષ સમિતિ (SCILR)ની ૨૨મી બેઠક નવી દિલ્હી ખાતે યોજાઈ

વિવિધ નદીના પ્રદેશીય રાજ્ય સરકારોના પ્રતિનિધિઓએ પ્રત્યક્ષ અને વર્ચ્યુઅલ મોડ દ્વારા બેઠકમાં હાજરી આપી હતી

કમલમ્,

એનડબલ્યુડીએ (NWDA) સોસાયટીની ૩૮મી વાર્ષિક સામાન્ય સભા અને નદીઓને જોડવા માટેની વિશેષ સમિતિ (SCILR) ૨૨મી બેઠક જળ શક્તિના માનનીય મંત્રી શ્રી સી.આર. પાટીલની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

શ્રી સી આર પાટીલે એમપીકેસી (મોડિફાઈડ પાર્વતી કાલીસિંધચંબલ) અને કેન બેતવા લિંક પ્રોજેક્ટ પરતાજેતરમાં થયેલી પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે હાલમાં જ જયપુરમાં રાજસ્થાનના વિભિન્ન પ્રોજેક્ટના ઉદ્ઘાટન માટે આયોજિત કાર્યક્રમ અને ભારતના માનનીય પ્રધાનમંત્રી દ્વારા એમપીકેસી લિંક પ્રોજેક્ટ પર સ્છ પર હસ્તાક્ષર કરવાની ઘોષણા અંગે જાણકારી આપી હતી.

સાથે જ તેમણે અન્ય રાજ્યોને વિનંતી કરી કે તેઓ આપણા દેશના વિકાસમાં વધુ પ્રગતિ માટે તેમના સંબંધિત લિંક પ્રોજેક્ટસ પર સર્વસંમતિ બનાવે. સચિવ (DoWR, RD અને GR) એતે વાત પર જોર આપ્યું કે હાલના વર્ષોમાં નદીઓને જોડવાના કાર્યક્રમમાં પર્યાપ્ત પ્રગતિ થઈ છે. તેમણે વિશેષ રૂપે કેન-બેતવા લિંક પ્રોજેક્ટનો ઉલ્લેખ કર્યો જે અમલીકરણ હેઠળ રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય યોજનાની પ્રથમ કડી છે. સચિવે ઉલ્લેખ કર્યો છે કે જળ સંસાધનોનું સંચાલન એ ભારત સરકારની મુખ્ય પ્રાથમિકતાઓમાંની એક છે અને નદીઓના ઈન્ટરલિંકિંગ (ILR) કાર્યક્રમને સરકાર દ્વારા ટોચની પ્રાથમિકતા આપવામાં આવી છે. બેઠક દરમિયાન એનડબલ્યુડીએના મહાનિર્દેશક દ્વારા એજન્ડાના મુદ્દો પર વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. વિવિધ કામોની સ્થિતિ અને ILR પ્રોજેક્ટસ માટેના પડતર મુદ્દાઓ/અડચણો વગેરે, એનડબલ્યુડીએ અને ઈન્ટ્રાસ્ટેટ લિંકસના વર્ષ ૨૦૨૩-૨૪ માટે વાર્ષિક અહેવાલ અને ઓડિટેડ એકાઉન્ટસની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિવિધ રાજ્ય સરકારોના પ્રતિનિધિઓએ ILR પ્રોજેક્ટસ પર તેમના મંતવ્યો/અવલોકનો વ્યક્ત કર્યા હતા. જળશક્તિ રાજ્ય મંત્રી શ્રી રાજભૂષણ ચૌધરી, બિહારના WRD, માનનીય મંત્રીશ્રીવિજય કુમાર ચૌધરી, ઉત્તર પ્રદેશના (સિંચાઈ અને WRD) સ્વતંત્ર માનનીય મંત્રી શ્રી દેવ સિંહ, પુડુચેરીના PWD માનનીય મંત્રી કે. લક્ષ્મીનારાયણે બેઠકમાં હાજરી આપી હતી.

આ ઉપરાંત કેરળના WRD માનનીય મંત્રી શ્રીમતી રોશી ઓગસ્ટિન, હરિયાણાના WRD માનનીય મંત્રી શ્રુતિ ચૌધરી, ગુજરાતના WRD માનનીય મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા વર્ચ્યુઅલ રીતે બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં કેન્દ્રીય અને રાજ્યના વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ પણ ભાગલીધો હતો.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ સાંસ્કૃતિક સેલની ટીમે કેન્દ્રિય મંત્રી તેમજપ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી, લોકસભા સાંસદશ્રી પુરુષોત્તમ રૂપાલા જીના સહકારથી કેન્દ્રીય મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી સાથે મુલાકાત કરી અને ગુજરાતી ફિલ્મ જગતને સેન્સર બોર્ડની ઓફિસ ગુજરાતમાં મળે તેની રજૂઆત કરવામાં આવી

કમલમ્,

દિલ્હી ખાતે ગુજરાતપ્રદેશ ભારતીય જનતા પાર્ટી સાંસ્કૃતિક સેલના કન્વીનર શ્રી બિહારીભાઈ ગઢવી તથા શ્રી જનકભાઈ ઠક્કર તેમજ તેમની ટીમે કેન્દ્રિય મંત્રી તેમજ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજી, લોકસભા સાંસદશ્રી પુરુષોત્તમ રૂપાલા જીના સહકારથી કેન્દ્રીય મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી સાથે મુલાકાત કરી અને ગુજરાતી ફિલ્મ જગતને સેન્સર બોર્ડની ઓફિસ ગુજરાતમાં મળે તેની રજૂઆત કરવામાં આવી. ગુજરાતી ફિલ્મો ભારતના ચલચિત્ર જગતમાં એક મહત્વનુ સ્થાન ધરાવે છે. છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતી ચલચિત્ર જગતમાં ખૂબ જ હકારાત્મક ફેરફાર જોવા મળ્યા છે. ખાસ કરીને યુવાનોને પ્રેરણા આપે અને સાથે મનોરંજન પણ પૂરું પાડે તેવી અનેક ગુજરાતી ફિલ્મો આપણી સમક્ષ ગુજરાતના યુવા કલાકારો, દિગ્દર્શકો અને નિર્માતાઓએ પ્રસ્તુત કરી છે. હાલના પરિપેક્ષમાં સેન્સર બોર્ડની ઓફિસ ગુજરાતમાં આવશ્યક હોય તેમજણાતા આરજૂઆત કરવામાં આવી છે. આ પ્રસંગે શ્રી અરવિંદભાઈ વેગડા, શ્રી મહર્ષિભાઈ દેસાઈ તેમજ શ્રી રાકેશભાઈ પૂજારા ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

ખાણ મંત્રાલય ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ગુજરાતના પોરબંદરમાં ભારતના ઓફશોર વિસ્તારોમાંથી ખનિજ બ્લોક્સની પ્રથમ ઈ-ઓક્શનને પ્રકાશિત કરવા માટે ઐતિહાસિક રોડ શોનું આયોજન કરવા જઈ રહ્યું છે. આ પહેલ દેશના વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર (EEZ)ની અંદર વિશાળ દરિયાઈ ખનિજ સંપત્તિને બહાર લાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. આ કાર્યક્રમની અધ્યક્ષતા ખાણ મંત્રાલયના સચિવ શ્રી વી.એલ. કાન્થારાવ કરશે અને જેમાં ગુજરાતના ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર શ્રી ધવલ પટેલ, IAS ની સાથે સાથે અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો અને ઉદ્યોગ અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. માઈનિંગ, સિમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રની અગ્રણી કંપનીઓ ભાગ લેશે તેવી અપેક્ષા છે, જે આ પરિવર્તનકારી તકમાં વધતા રસને રેખાંકિત કરે છે. રોડ શોમાં એસબીઆઈ સીએપીએસ, એમએસટીસી અને જીએસઆઈ દ્વારા મુખ્ય પ્રસ્તુતિઓ દર્શાવવામાં આવશે. એસબીઆઈ સીએપીએસ હરાજીની પ્રક્રિયાની રૂપરેખા આપશે, જેમાં સમયરેખા, ટેન્ડરની શરતો અને સહભાગિતાની આવશ્યકતાઓનો સમાવેશ થાય છે. એમએસટીસી સીમલેસ અને પારદર્શક બિડિંગની ખાતરી કરીને અદ્યતન ઈ-ઓક્શન પ્લેટફોર્મનું નિદર્શન કરશે. જીએસઆઈ (ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ) ગુજરાતના દરિયાકિનારે ઓળખવામાં આવેલા ૩ બ્લોક્સ પર વિશેષ ભાર સાથે, ઓફશોર બ્લોક્સની ખનિજ સંભવિતતા પર તકનીકી પ્રસ્તુતિ આપશે. આ ચૂના-કાદવથી સમૃદ્ધ બ્લોક્સ રાજ્યમાં સિમેન્ટ અને બાંધકામ ક્ષેત્રો માટે નોંધપાત્ર તકો રજૂ કરે છે. આ ઈવેન્ટ ૨૮ નવેમ્બર ૨૦૨૪ના રોજ કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રીશ્રી જી. કિશન રેડ્ડી દ્વારા ઓફશોર મિનરલ બ્લોક્સ માટે ઈ-ઓક્શનના ભારતના પ્રથમ તબક્કાના લોન્ચ પર આધારિત છે. આ તબક્કામાં હરાજી માટે કુલ ૧૩ ખનિજ બ્લોક્સની ઓળખ કરવામાં આવી છે. જેમાં સામેલ છે:

- ગુજરાતમાં ૩ લાઈમ મડ બ્લોક્સ
- કેરળમાં ૩ કન્સ્ટ્રક્શન સેન્ડ બ્લોક્સ
- આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ૭ પોલિમેટાલિક નોડ્યુલ્સ અને ક્રસ્ટ બ્લોક્સ

આ પહેલ ઓગસ્ટ ૨૦૨૩માં ઓફશોર એરિયાઝ મિનરલ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૨માં થયેલા સુધારાને અનુસરે છે, જેમાં પારદર્શક અને સ્પર્ધાત્મક હરાજી પ્રણાલીની રજૂઆત કરવામાં આવી છે. આ નીતિનો ઉદ્દેશ્ય નોંધપાત્ર રોકાણોને આકર્ષવાનો અને પોલીમેટાલિક નોડ્યુલ્સ, લાઈમ-મડ અને બાંધકામ રેતી જેવા સંસાધનો માટે ઓફશોર સંશોધન પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાનો છે. ખાણ મંત્રાલય ઉદ્યોગના હિતધારકોને આ પરિવર્તનકારી ઘટનામાં જોડાવા અને ઓફશોર મિનરલ એક્સપ્લોરેશનમાં અપ્રતિમ તકોનું અન્વેષણ કરવા આમંત્રણ આપે છે. હરાજીની તમામ વિગતો, શરતો અને ખનિજ બ્લોક્સ સહિત, MSTC ઓક્શન પ્લેટફોર્મ https://www.mstcecommerce.com/auctionhome/mlcln/ પર જોઈ શકો છે.

રાજ્યના વર્ગ ૧-૨ના અધિકારીઓ તેમજ વર્ગ-૩નાં કર્મચારીઓને સમયની માંગ મુજબ તાલીમ આપી "સુશાસન" માટે તૈયાર કરતી એકમાત્ર સંસ્થા – સ્પીપા

વર્ષ ૨૦૨૩-૨૪માં પૂર્વસેવા તાલીમાંત તેમજ બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં ૨,૫૪૦ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૨,૯૩૮ પરીક્ષાર્થીઓ સહભાગી થયા

કમલમ્,

ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત એવી રાજ્યકક્ષાની તાલીમ સંસ્થા એટલે "સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા"-SPIPA. માનવ સંસાધન કૌશલ્યવર્ધન થકી સુશાસનને સરળ બનાવવાના હેતુસર અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ માટે મુખ્યત્વે સ્પીપા, અમદાવાદ સહિત વિવિધ તાલીમ કેન્દ્રો દ્વારા વિવિધ તાલીમ કાર્યક્રમો અને પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા રાજ્ય સરકારની સેવામાં નવી નિમણૂક પામી જોડાતા અધિકારીઓ તેમજ કર્મચારીઓને સરકારી નિયમો અને કાર્યપ્રણાલીઓનું અદ્યતન જ્ઞાન આપી અસરકારક સેવા પૂરી પાડવા માટે તાલીમબદ્ધ કરવાનું જરૂરી કાર્ય કરવામાં આવે છે. સ્પીપા ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓ તેમજ વર્ગ-૩નાં કર્મચારીઓ માટેની પૂર્વ સેવા તાલીમનું આયોજન કરવામાં આવે છે. આ તાલીમને અંતે પરીક્ષા યોજાય છે, જે નિયત તકોમાં પાસ કરવી દરેક અધિકારી-કર્મચારી માટે ફરજિયાત હોય છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૨૨ પૂર્વ સેવા તાલીમાંત તેમજ બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓમાં ૨,૫૪૦ પરીક્ષાર્થીઓ તથા વર્ષ ૨૦૨૪-૨૫ એપ્રિલ થી નવેમ્બર

- **UPSC પરીક્ષામાં આજદિન સુધીમાં સ્પીપાના કુલ ૨૮૬ ઉમેદવારો અંતિમ પસંદગી પામ્યા**
- **વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે પ્રવેશ પરીક્ષા બાદ પસંદગી પામતા ૧૦૦ યુવક-યુવતીઓને વિનામૂલ્યે તાલીમ**
- **સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને રૂ. ૬૧ હજાર સુધીની પ્રોત્સાહન સહાય**
- **સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામ અંતર્ગત ચાલુ વર્ષે બજેટમાં અંદાજે રૂ.૨૯૯ લાખની જોગવાઈ**
- **રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા ખાતે સ્પીપા કેમ્પસ કાર્યરત**

માસ સુધી કુલ ૧૨ પૂર્વ સેવા તાલીમાંત તેમજ બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓમાં ૨,૯૩૮ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્પીપા દ્વારા પ્રોબેશ્નર આઈ.એ.એસ. અધિકારીઓ તેમજ રાજ્ય સરકારના અધિકારીઓ કર્મચારીઓ માટે સમયની માંગ મુજબની તાલીમ, વિવિધ નિયમો અને વિનિમયો પરની સેવાકાળ દરમિયાનની ખાતાકીય તાલીમ, ઈન્ડક્શન તાલીમ, માહિતી અધિકાર અને જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર અધિનિયમ સંબધિત તાલીમ કાર્યક્રમો, WTO સંબંધિત કાર્યક્રમો સંદર્ભે નોડલ સંસ્થા તરીકે તાલીમ કાર્યક્રમો, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદો, કાર્યશાળાઓ, પરિષદો, ચર્ચાઓ, લેક્ચર સિરીઝ, કસ્ટમાઈઝ્ડ તાલીમ કાર્યક્રમો, વહીવટી વિકાસ કાર્યક્રમો, જ્ઞાનવર્ધક કાર્યક્રમો, ગુજરાત સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ દ્વારા ક્ષમતા નિર્માણ કાર્યક્રમો, સીસીસી પરીક્ષાઓ માટે તાલીમ અને પરીક્ષા વગેરેનું આયોજન કરવામાં આવે છે. સ્પીપા તાલીમ કેન્દ્રમાં વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અનુક્રમે ગેઝેટેડ ઓફિસર્સ બેચના ૨૭૨ અને ૨૧૫, વર્ગ-૩ના ૨૦૭૯ અને ૧૫૧૫, કસ્ટમાઈઝ તાલીમમાં ૯૪૩ અને ૩૪૬, ઈ.ડી.પી. તાલીમમાં ૫૪૯ અને ૨,૩૭૯, આર.ટી.આઈ. એક્ટ-૨૦૦૫ની તાલીમમાં ૧,૯૨૮ અને ૧,૨૩૮, આર.સી.પી.એસ. એક્ટ-૨૦૧૩ની તાલીમમાં ૧,૨૪૪ અને ૭૮૦ તેમજ ઝઝઝ તાલીમમાં ૮૭૯ અને ૧૮૯ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. રાજ્યના વધુમાં વધુ યુવાનો યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-UPSC દ્વારા લેવાતી વહીવટી સેવા અને તેની સંલગ્ન પરીક્ષાની ઉચ્ચકક્ષાની તાલીમ આપવાના હેતુથી સ્પીપા, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા તેમજ ગુજરાત કોમર્સ કોલેજ ખાતે પસંદગી પામેલ ઉમેદવારો માટેના તાલીમવર્ગ ચલાવવામાં આવે છે. તદુપરાંત IBPS, RBI, SBI, LIC જેવી વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાતી ભરતી પરીક્ષાઓ માટે ગુજરાતનાં યુવાનોને તાલીમબદ્ધ કરવા માટે સી.જી.આર.એસ સ્ટડી સેન્ટર વર્ષ ૨૦૧૩-૧૪થી કાર્યરત છે. દર વર્ષે પ્રવેશ પરીક્ષાની પ્રક્રિયાને અંતે પસંદગી પામતા ૧૦૦ જેટલા યુવક-યુવતીઓને સ્પીપા ખાતે વિનામૂલ્યે સઘન તાલીમ આપવામાં આવે છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો તથા સરકારી અધિકારીઓ-કર્મચારીઓને સુવ્યવસ્થિત તેમજ યોગ્ય તાલીમ મળી રહે તે હેતુસર સ્પીપાના અદ્યતન સુવિધાઓયુક્ત કેમ્પસ બનાવવામાં આવ્યા છે. આ વિવિધ કેમ્પસોમાં આધુનિક રૂમ, ડાઈનીંગ હોલ, વેઈટીંગ લોન્જ, સેમિનાર હોલ, લેન્ડ સ્કેપીંગ, લાયબ્રેરી, કોમ્પ્યુટર લેબ, જીમ જેવી સુવિધાઓથી સજ્જ હોસ્ટેલો કાર્યરત કરવામાં આવી છે. આ ઉપરાંત સ્પીપા ખાતે UPSC સિવિલ સર્વિસીઝ પરીક્ષા માટે વિનામૂલ્યે પ્રશિક્ષણ આપવામાં આવે છે તથા લાયબ્રેરીમાં પરીક્ષાની તૈયારી માટે જરૂરી એવા તમામ પ્રકારના પુસ્તકો, મેગેઝીન, ન્યુઝ પેપર્સ વગેરે ઉપલબ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત ઉમેદવારો તૈયારી કરવા માટે ઈન્ટરનેટના માધ્યમનો ઉપયોગ કરી શકે તે હેતુથી વિનામૂલ્યે વાઈ-ફાઈ ફેસીલીટી પણ આપવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવક-યુવતીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે વિવિધ નાણાકીય સહાય પણ આપવામાં આવે છે. જેમ કે તાલીમવર્ગમાં પ્રવેશ મેળવ્યેથી વધુમાં વધુ સાત મહિના માટે પ્રતિમાસ રૂ. ૨,૦૦૦ પ્રોત્સાહન સહાય, UPSC ની પ્રિલિમ પરીક્ષા પાસ કરનાર યુવકને રૂ.૨૫,૦૦૦ અને યુવતીને રૂ.૩૦,૦૦૦, UPSC ની મુખ્ય પરીક્ષા પાસ કરનાર યુવકને રૂ.૨૫,૦૦૦ અને યુવતીને રૂ.૩૦,૦૦૦ તથા UPSC ની પરીક્ષામાં ફાઈનલ પસંદગી પામનાર ગુજરાતના ડોમિસાઈલ યુવકને રૂ.૫૧,૦૦૦ અને યુવતીને રૂ.૬૧,૦૦૦ તેમજ ગુજરાતના નોન-ડોમિસાઈલ યુવકને રૂ.૨૧,૦૦૦ અને યુવતીને રૂ.૩૧,૦૦૦ પ્રોત્સાહન સહાય આપવામાં આવે છે. જેના પરિણામે વર્ષ ૨૦૨૩માં લેવાયેલી UPSC પરીક્ષામાં સ્પીપાના કુલ ૨૬ ઉમેદવારો સફળ થયા હતા. આમ, સંસ્થાના સ્થાપના વર્ષ ૧૯૯૨થી અત્યાર સુધીમાં કુલ ૨૮૬ ઉમેદવારો અંતિમ પસંદગી પામ્યા છે. વર્ષ ૨૦૦૯માં ગુજરાતનાં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. નીતિનિર્માણ અને સેવા વિતરણ પ્રક્રિયાઓમાં આધુનિક અને અસરકારક અભિગમનો ઉપયોગ કરીને રાજ્યમાં સુશાસનની દિશામાં યોગદાન આપી શકે તેમજ સરકારી વિભાગોમાં પરિવર્તન માટે ઉત્પ્રેરક તરીકે સેવા આપી શકે તે હેતુથી સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૩-૨૪મા આ યોજનામાં કુલ ૧૮ જેટલા યુવાનોએ લાભ લીધો હતો. સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સી.એમ. ફેલોશીપ પ્રોગ્રામ ૨૦૨૪-૨૫ માટે બજેટમાં રૂ.૨૯૯ લાખની તથા વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂ. ૩૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે, એમ સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા-સ્પીપાની યાદીમાં જણાવ્યું છે.

ગાંધીધામ ખાતે ગુજરાત સરકાર અને ગુજરાત રેડક્રોસના સંયુકત ઉપક્રમે મીડિયાકર્મીઓ માટે નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

સી.બી.સી., સુગર, કોલેસ્ટ્રોલ, પ્રોટીનના બ્લડ રીપોર્ટ્સ, ઈ.સી.જી., એક્સ-રે સહિતના ફિટનેસ ટેસ્ટ કરાયા

પૂર્વ કચ્છના પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારશ્રીઓએ હેલ્થ કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લીધો

કમલમ્,ભુજ,

ગુજરાત સરકાર અને ગુજરાત રેડક્રોસના સંયુક્ત ઉપક્રમે આજરોજ ગાંધીધામના રેડક્રોસ ભવન ખાતે પત્રકારશ્રીઓ માટે હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશનમાં ફીટ ઈન્ડીયા, ફીટ મીડિયાના લક્ષ્ય સાથે રાજ્યભરમાં પત્રકારશ્રીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજરોજ રેડક્રોસ ભવન ગાંધીધામ ખાતેના હેલ્થ કેમ્પમાં બહોળી સંખ્યામાં પત્રકારશ્રીઓએ ભાગ લઈને હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું.

આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં બ્લડ ટેસ્ટ, એક્સ-રે, ઈસીજી સહિતના વિવિધ ટેસ્ટ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતાં. ગાંધીધામ ખાતે આયોજિત હેલ્થ કેમ્પનો ૫૦થી વધુ પત્રકારશ્રીઓ, ફોટોગ્રાફરશ્રીઓ લાભ લીધો હતો. ગાંધીધામ ખાતે આયોજિત હેલ્થ કેમ્પમાં વિધાનસભાના પૂર્વ અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી રાજ્ય શાખાના માજી ચેરમેન તથા જિલ્લા શાખાના એક્ઝીક્યુટીવ સભ્ય શ્રી ડો.ભાવેશ આચાર્ય તથા રેડક્રોસના ચેરમેનશ્રી ધવલભાઈ આચાર્યે ખાસ ઉપસ્થિત રહીને પત્રકારશ્રીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ પ્રસંગે ડો. નિમાબેન આચાર્યે જણાવ્યું હતું કે, વિકસિત ભારત, વિકસિત ગુજરાતની નેમ સાથે રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે ત્યારે મીડિયાકર્મીઓની પણ રાજ્ય સરકાર ચિંતા સેવી રહી છે. તેઓના સ્વાસ્થ્ય માટે આયોજીત આ કેમ્પમાં મોટી સંખ્યામાં ભાગ લેનાર જાગૃત મીડિયાકર્મીઓને અભિનંદન પાઠવતા ઉમેર્યું હતું કે આજના સમયમાં મીડિયાકર્મીઓની ૨૪ કલાકની ડ્યુટી વચ્ચે તેમનું આરોગ્ય જળવાય તે જરૂરી બન્યું છે. આ માટે અગાઉથી રોગનિદાન થાય તે જરૂરી છે. આ માટે રેડક્રોસ સહયોગી બન્યું છે અને હંમેશા બનતું રહેશે. જયારે ડો.ભાવેશભાઈ આચાર્યે રેડક્રોસના સહયોગથી આયોજીત આરોગ્ય કેમ્પની સેવાને બિરદાવીને ગાંધીધામ રેડક્રોસની કાર્યરત સેવાઓથી ઉપસ્થિતોને વાકેફ કર્યા હતા. શ્રી ધવલભાઈ આચાર્યે પોતાના પ્રતિભાવ આપતા એક કદમ સ્વસ્થ ભારત તરફના વિચારને મૂર્તિમંત કરવા રેડક્રોસ હંમેશા રાજય સરકારની સાથે હોવાનું જણાવીને ઉમેર્યું હતું કે, લોકશાહીની ચોથી જાગીર જો સ્વસ્થ હશે તો તે દેશ અને રાજયની વિકાસપ્રક્રિયામાં સક્રીય સહભાગી બની શકશે. આ વિચાર સાથે આયોજીત કેમ્પમાં મીડિયાકર્મીઓની ખાસ ચિંતા સેવીને નિ:શુલ્ક વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમણે આ કેમ્પને પત્રકારશ્રીઓમાં આરોગ્ય જાગૃતિ સાથે વહેલા નિદાનથી રોગનિવારણમાં મદદરૂપ બનશે તેવો આશાવાદ સેવ્યો હતો. આ ટાંકણે તેમણે રેડક્રોસની વિવિધ પ્રવૃતિની વિગતો આપવા સાથે રેડક્રોસ દ્વારા કચ્છમાં જે તાલુકામાં બલ્ડબેંક નથી ત્યાં રીપ્લેસમેન્ટ વગર બ્લડબેંકની સુવિધા પુરી પાડવાની નેમ વ્યકત કરી હતી. આ હેલ્થ કેમ્પમાં નાયબ માહિતી નિયામક ભુજ કચ્છ શ્રી ઘનશ્યામ પેડવા, જિલ્લા માહિતી કચેરીના સહાયક અધિક્ષકશ્રી એ.જે.ખત્રી અને શ્રી એસ.આઈ.કેવલ તથા કર્મચારીશ્રી ઈમરાન સુમરા, અનિરુધ્ધસિંહ જાડેજા, રાજેશ ડુંગરાણી, હર્ષદ જોગી, રફીક લંગ, આનંદ પરમાર, ભાવિક ગોસ્વામી સહિત પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાના તંત્રીશ્રીઓ, પ્રતિનિધિશ્રીઓ, કેમેરામેન, વીડિયોગ્રાફરશ્રીઓ અને જિલ્લા માહિતી કચેરી ભુજ - કચ્છનો સ્ટાફ તેમજ રેડક્રોસ ગાંધીધામનો સ્ટાફ જોડાયો હતો.

શ્રી જેએમ પટેલ સાર્વજનિક હાઈસ્કુલ દિગેન્દ્રનગર ખાતે વિદ્યાર્થીઓની ના આરોગ્ય લક્ષી શિબિર યોજાઈ

કમલમ્,

માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવસારી અને માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી નવસારી ના માર્ગદર્શન હેઠળ મેન્સટરુલ હાઈજિન કાર્યક્રમ અંતર્ગત શ્રી જે. એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ દિગેન્દ્રનગર (રાનવેરી ખુર્દ) ખાતે કિશોરીઓને માસિક ચક્રને લાગતિ આરોગ્ય લક્ષી સમજ તેમજ સમસ્યા નિવારણ અંગેની શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું ડો. હિમાંશુ બી. પટેલ મે.ઓ. રાનવેરી કલ્લા તેમજ પ્રા.આ. કેન્દ્રના મિડ લેવલ હેલ્થ પ્રોવાઈડર ફિમેલ દ્વારા માસિક ચક્ર ને લાગતિ આરોગ્ય લક્ષી સમજ તેમજ સમસ્યા નિવારણ અંગેની વિષે સંપૂર્ણ માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમ સફળ બનાવવાં શાળાના શિક્ષકો, આરોગ્ય સ્ટાફ, આશા ફ આશાબેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. અંતે શાળાના આચાર્યશ્રી સાહેબ દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

વલસાડમાં જ્યેષ્ઠ નાગરિક મંડળની વાર્ષિક સભા યોજાઈ, ૭૫ વર્ષથી વધુ વયના પેન્શનર્સનું સન્માન કરાયુ

કમલમ્,વલસાડ

વલસાડના તિથલ રોડ સ્થિત ઈચ્છા બા અનાવિલ વાડી ખાતે જયેષ્ઠ નાગરિક (પેન્શનર) મંડળની ૩૭મી વાર્ષિક સાધારણ સભા અને સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. સભાના અધ્યક્ષસ્થાને વલસાડ જયેષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ ભરતભાઈ સી. રાણા, મુખ્ય મહેમાન નિવૃત નાયબ મામલતદાર અને માજી સેક્રેટરી મોરારભાઈ ડી. પટેલ, સુરત જિલ્લા પેન્સનર્સ એસોશિએશનના પ્રમુખ અને ગુજરાત પેન્શનર્સ સમાજ અમદાવાદના ઉપપ્રમુખ મનહરભાઈ સી. લાપસીવાલાએ પોતાનાં મંતવ્યો દ્વારા હાજર સભ્યોને એસો. દ્વારા સભ્યોના હિતમાં થઈ રહેલા તેમજ ભવિષ્યમાં થનાર કામોની માહિતી આપી હતી. મુખ્ય મહેમાન નિલેશભાઈ આર. પારેખે વક્તવ્ય આપી તેમના માતૃશ્રીના પેન્શનના નાણાં અપાવવા બદલ આભાર વ્યકત કરી મંડળને દાન પેટે રૂ.૨૬૦૦૧/-નું દાન આપ્યું હતું. અન્ય અતિથિ શ્રી શૈલેષ સુખદેવ વાઘે રૂ. ૫૦૦૦/-, રમાકાન્તરામપલ્ટન તિવારીએ રૂ.૫૦૦૦/- દાન પેટે આપ્યા હતા. સુરત જિલ્લા પેન્શનર્સ એસોશિએશનના મહામંત્રી અતુલભાઈ દેસાઈએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. મંડળના મહામંત્રી એ. આઈ. શેખે વર્ષ ૨૦૨૩-૨૪ના હિસાબો મંજૂર કર્યા હતા જેને સર્વસંમતિથી બાહાલી આપવામાં આવી હતી. મંડલના આંતરિક અન્વેષક અને કારોબારી સભ્યો અને આમંત્રિત સભ્યોની નિમણુંક, અને વર્ષ ૨૦૨૪-૨૫ માટે યતિન દેસાઈ એન્ડ કો. ને સી.એ. તરીકે નિમણૂંક આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ૭૫ વર્ષથી વધુવયના પેન્શનરોનું શાલ ઓઢાડીને પુષ્પગુચ્છ આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સભાના ઉદઘોષક એચ. ટી. શર્મા અને રમેશભાઈ એલ. પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં કોષાધ્યક્ષ અંગીરસભાઈ દેસાઈ, કારોબારી સભ્ય શ્રીમતી દેવીબેન પટેલ, કારોબારી સભ્ય મધુકરભાઈ રાણા, અમૃતલાલ બલસારા, મહેશભાઈ પટેલ, વિનોદભાઈ એલ. પટેલ, શ્રી ભાણાભાઈ બી. પટેલ અને ઈશ્વરભાઈ બારીયા ઉપસ્થિત રહ્યા હતા.

માર્કેટિંગ માટે ખેડૂતોનું સંગઠન હોવું જરૂરી છે - શ્રી વિજયભાઈ પટેલ

ડાંગ જિલ્લા બાગાયત વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે જિલ્લા કક્ષાનો માર્ગદર્શન સેમિનાર યોજાયો

બાગાયતી ખેતી શા માટે

- ★ બાગાયતી પાકોથી લોકોને રોજીંદા આહારમાં યોગ્ય પોષણ મળી રહે
- ★ ફળ / શાકભાજી / ફૂલ પાકોનાં વાવેતર થકી એકમ વિસ્તારમાંથી વધુ આવક
- ★ ઘનિષ્ઠ ખેતી તથા બહુસ્તરીય પધ્ધતિથી એકમ દીઠ વધુ ઉત્પાદન
- ★ નર્સરી, પ્રોસેસીંગ એકમ, મૂલ્યવર્ધન વિગેરે થકી બાગાયત ક્ષેત્રે રોજગારની નવી તકો ઉભી કરવી
- ★ સૂક્ષ્મ સિંચાઇ તેમજ મલ્ચીંગ દ્વારા પાણી તથા ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરી ખેતી ખર્ચ અને નિંદામણમાં ઘટાડો
- ★ પોલી હાઉસ / શેડનેટ હાઉસ દ્વારા નિયંત્રિત વાતાવરણમાં શાકભાજી / બહુમૂલ્ય ફૂલપાકોના ઉત્પાદનથી બારેમાસ આવક
- ★ હાઈટેક નર્સરી / પ્લગ નર્સરીમાં ગુણવત્તાયુક્ત રોપાનો ઉછેર
- ★ ટીસ્યુકલ્ચરથી રોગ-જીવાત મુક્ત પ્લાન્ટીંગ મટેરીયલ્સનું ઉત્પાદન
- ★ જુનીવાડીનું નવીનીકરણ થકી બિનઉપજાઉ વાડીને ઊપજાઉ બનાવવા
- ★ ફાર્મ મિકેનાઈઝેશન દ્વારા મજૂરી ખર્ચ ઘટાડી ખેતી કાર્યોમાં ઝડપ
- ★ પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અને કોલ્ડ ચેઈન મેનેજમેન્ટથી નિકાસલક્ષી ઉત્પાદન
- ★ બાગાયત ખાતાની વિવિધ યોજનાઓના લાભથી પ્રોત્સાહિત થઈ અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપી બનવા
- ★ ઘર આંગણે ફળ અને શાકભાજીના બગીચા અને બાગાયતી પેદાશોના કેનીંગ દ્વારા મહિલા સશક્તિકરણને વેગ આપવા
- ★ જમીન વિહોણા વ્યક્તિઓને મધ તથા મશરૂમ ઉત્પાદન દ્વારા આવક

કમલમ્,આહવા

ડાંગ જિલ્લા નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા વઘઈ કૃષિ યુનિવર્સીટી ખાતે વિધાનસભા નાયબ દંડક વ ડાંગ જિલ્લા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને 'પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી બાગાયતી ખેતી' વિષયક જિલ્લા કક્ષાનો સેમિનાર યોજાયો હતો. ખેતીના જમીનની ફળદ્રુપતાં જળવાઈ રહે છે માટે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે જિલ્લાના સૌ ખેડુતોએ પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવી વધુને વધુ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાનો છે. રાસાયણિક ખાતરો થી દૂર રહી વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અપનાવી ખેતીમાં ઉત્પાદન વધારવા તેમજ સરકારી ખેતી વિષયક યોજનાઓનો લાભ લેવા આ પ્રસંગે શ્રી વિજયભાઈ પટેલે ખેડૂતોને અનુરોધ કર્યો હતો. વઘઈ કૃષિ યુનિવર્સીટીમાં ખેતી વિશેના તમામ કાર્યક્રમો થી હર હમેંશા નવુ નવુ માર્ગદર્શન મળતું રહે છે. ત્યારે અહિં વૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શનનોને અમલી બનાવી ખેતી પધ્ધતિ સુધારવા શ્રી પટેલે ખેડુતોને જણાવ્યુ હતું. આ સાથે જ ડાંગ જિલ્લાની પ્રાકૃતિક ખેતીની પ્રોડકટને બજારમાં વેચાંણ માટે ખેડુતોમાં સંગઠન હોવુ જરુરી છે. ખેડુતોએ સંગઠન બનાવી પ્રાકૃતિક પ્રોડકટનું વેચાણ થાય તે માટે વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે. ખેડૂતો ભેગા થઈ બજારમાં વેચાણ કરશે તો ખેડુતોના ખર્ચમાં ઘટાડો થશે. જેથી તેમજ માર્કેટિંગ માટે ખેડૂતોનું સંગઠન હોવું ખુબ જ જરૂરી તેમ શ્રી પટેલે જણાવ્યું હતું. ગામનું પ્લાનિંગ ગામનાં લોકો જ કરે, ગામમાં પ્રાથમિક જરૂરિયાતો હોય તે માટે ગામના લોકોએ જ રજુઆતો કરશે તો તેનુ નક્કર નિરાકરણ લાવી શકાશે તેમ શ્રી વિજયભાઈ પટેલે વધુમાં જણાવાયું હતું. આજના યુગમાં પ્રાકૃતિક ખેતી અપનાવવું અતિ મહત્વનું બની ગયું છે. ગંભીર બીમારીઓથી બચવા પ્રાકૃતિક ખેતીનો ખોરાક લેવો જરૂરી છે. જે માટે ખેતીની જમીન રાસાયણિક મુક્ત હોવી જરૂરી છે. તેથી આપણે સૌ જો જમીનની તંદુરસ્તી જાળવીશું તો જ શરીરની તંદુરસ્તી પણ જળવાશે તેમ નાયબ નિયામક બાગાયત નિયામકશ્રી ટી. એમ ગામતે પોતાના પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું હતું. ડાંગ જિલ્લાએ વર્ષોથી પ્રાકૃતિક ખેતી જાળવી રાખી છે. વર્ષોથી અહીં રાગીની પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે. આ સાથે જ અહીં મિલેટ્સની પણ ખેતી કરવામાં આવે છે ત્યારે જિલ્લાની આ પ્રાકૃતિક ઓળખ જળવાઈ રહે તે માટે સરકારે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો જાહેર કર્યો છે તેમ વઘઈ કોલેજના આચાર્યશ્રી અજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું. કે. વી. કે. વડાશ્રી ડો.એલ. વી. ઘેટીયાએ જણાવ્યું હતું કે, બાગાયતી પાકોને વધુ પાણી મળવાના કારણે છોડ ઉપર જીવાત વધતી હોય છે. માટે પાક સંરક્ષણ માટે છોડની જરૂરિયાત મુજબનું જ પાણી આપવું જોઈએ. તેમજ ડાંગ જિલ્લામાં થતાં બગાયતી પાપડી જેવા પાકો ઉપરની જીવાત રોકવા માટે રાખોડીનો ઉપયોગ કરી શકાય છે. તેમ વિવિધ પાક સંરક્ષણ માટેની પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ જાણકારી આપી હતી. ખેડુતો હવે બાગાયતી ખેતી તરફ આકર્ષાયા છે. બાગાયત ખેતી માટે ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણ / રોપા / કલમોનો ઉપયોગ, બાગાયતી પાકોનો વિસ્તાર તથા ઉત્પાદન વધારવું સંકલિત રોગ / જીવાત નિયંત્રણ વ્યવસ્થા, સંકલિત ખાતર વ્યવસ્થા, યાંત્રિકીકરણ, કોલ્ડ ચેઈન મેનેજમેન્ટ, બાગાયતી પાકોમાં મુલ્ય વર્ધન, કાપણી પછીની માવજતો, ફળ-શાકભાજી પાકોમાં નિકાસમાં પ્રોત્સાહન નર્સરી અને પ્રોસેસીંગ એકમોની સ્થાપના મારફત સ્વરોજગારી ઉભી કરી બાગાયતદારોની આવકમાં વૃધ્ધિ કરવા માટે બાગાયત ખાતા દ્વારા વિવિધ સહાયલક્ષી યોજનાઓ અમલમાં છે. બાગાયત ખાતા દ્વારા ફળપાકો, પ્લાન્ટેશન પાકો, શાકભાજી પાકો, મસાલા પાકો, ફુલપાકો, ઔષધિય અને સુંગધિત પાકોની ખેતી તથા મધ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો કાર્યક્રમ, બાગાયતી યાંત્રીકરણ, બાગાયતી પાકોની કાપણી પછીના વ્યવસ્થાપન માટે આંતર માળખાકીય સુવિધા ઉભી કરવા નાણાકીય સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત બાગાયત ખાતા દ્વારા બાગાયતી ઉત્પાદનને લાંબા સમય સુધી જાળવણી કરી શકાય તે માટે પ્રજાજનમાં જાગૃતિ આવે તે આશયથી રાજ્યમાં કેનિંગ અને કિચનગાર્ડનિંગ સેન્ટરો કાર્યરત છે. જેમાં શહેરી તથા ગ્રામ્ય મહિલાઓને ફળ અને શાકભાજીના પરિરક્ષણની તાલીમ આપવામાં આવે છે. બાગાયત ખાતાની નર્સરીઓ તથા સેન્ટર ઓફ એકસેલન્સ મારફતે ગુણવત્તાયુક્ત કલમો/રોપા ખેડુતોને પુરા પાડવામાં આવી રહ્યા છે. સામાન્ય રીતે ખેડુતોને કોઇ પણ સહાય મેળવવા માટે અરજી કરવા જરૂરી પ્રાથમિક માહિતી મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે. પરંતુ હવે રાજ્યના ખેડુતોને કૃષિ વિષયક માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ થઈ શકે તેમજ વિવિધ કલ્યાણકારી સહાય યોજનાઓના લાભ ખેડુતોને ઘરઆંગણે મળી શકે તે માટે સરકારશ્રી દ્વારા આઈ-ખેડૂત પોર્ટલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેના દ્વારા ઓનલાઈન અરજી કરી શકાય છે. વઘઈ ખાતે આયોજીત આ કાર્યક્રમ વઘઈ તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ચંદરભાઈ પટેલ, આત્મા પ્રોજેક્ટ ડાયરેકટ શ્રી સંજયભાઈ ભગોરીયા, જિલ્લા પંચાયત નાયબ ખેતીવાડી અધિકારી શ્રી બાલુભાઈ પટેલ, જિલ્લા પંચાયત મદદનીશ ખેતી નિયામક શ્રી હર્ષદભાઈ પટેલ, કે. વી. કે. વડા શ્રી એલ. વી. ઘેટીયાએ, મદદનીશ બાગાયત નિયામક શ્રી અમોલ ગોંગે સહિત મોટી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહ્યા હતાં.

ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ અંતર્ગત

રાજ્યનાં પાંચ માર્ગોના વિકાસમાં હાલારના રોડને આવરી લેતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યકત કરતા સાંસદ શ્રી પૂનમબેન માડમ

જામનગરથી લાલપુર-વેરાડ રોડ રીસરફેસીંગ થશે

કમલમ્,ભરત ભોગાયતા

ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ હાલારના એક રોડને વિકાસકામ અંતર્ગત આવરી લેતા સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમએ આભાર વ્યકત કર્યા છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કંડારેલા પથ પર ગુજરાતમાં સર્વાંગી વિકાસને તબક્કાવાર ગતિ આપવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ સેવા-સમર્પણ-સંકલ્પના સિદ્ધાંતોને અપનાવ્યા છે જે અંતર્ગત સુવિધાઓના પણ વિકાસ અંગે સરકારશ્રી કક્ષાએ સમીક્ષા થતી રહે છે વિકાસ માટે અલગ અલગ પ્રકારના ટ્રાન્સપોર્ટેશન જરૂરી છે અને ટ્રાન્સપોર્ટેશન સુગમ કરવા માટે મજબૂત રોડ નેટવર્ક જરૂરી છે જેનાથી દૂર દૂરના કે છેવાડાના એક મથકથી બીજુ મથક જોડાય છે ત્યારે રોડ માળખાને વધુ મજબુતી આપવાવધુ કાર્યક્ષમબનાવવા તેમજ કનેક્ટીવીટી વધુ સુગમ બનાવવા કાર્યરત ગુજરાત રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનનાચેરમેન તરીકે માનનીય શ્રીભૂપેન્દ્રભાઈ પટેલ એ હંમેશા ધંધા ઉદ્યોગના વિકાસ માટેના રોડ માળખાને પ્રાધાન્ય આપ્યુછે જેથીરાજ્યના અગત્યના માર્ગોના ડેવલપમેન્ટનીકામગીરી વધુગતિશીલ બની રહી છે જેમાં હાલારના જનસુખાકારીના વિવિધ કાર્યો કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા અવિરતહાથ ધરાઈ રહ્યા છે. ત્યારે ગુજરાતસ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા રાજ્યમાં હાથ ધરાઈ રહેલાઅગત્યનાપ્રોજેક્ટસસાથેકોર નેટવર્કને જોડતા તથા તેને પૂરક માર્ગો તરીકે કાર્યરત કુલ પાંચ જેટલા રસ્તાઓના રીસરફેસિંગ માટે ૧૩૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છેજે અંતર્ગત, કુલ ૧૪૨કિ.મી લંબાઈના માર્ગના કામો હાથ ધરાનાર છે જેમાં, પેથાપુર-નારદિપુર-ખેરવારોડના ૨૨.૪૦ કિ.મી માટે રૂપીયા ૨૭.૭૫ કરોડ ,જામનગર-લાલપુર-વેરાડ રોડના ૩૧.૮૫ કિ.મી. માટે રૂપીયા૧૮.૦૨ કરોડ નડિયાદ-પેટલાદ-ખંભાતરોડના ૨૪ કિ.મી. માટે રૂપીયા ૨૩.૪૫ કરોડ, ચિખલી-ધરમપુર રોડના ૨૦.૪૫ કિ.મી. માટે રૂપીયા ૧૯.૯૮ કરોડ અને ભુજ-મુંદ્રા રોડના ૪૩.૫૦ કિ.મીના કામ માટે રૂપીયા ૪૨.૫૦ કરોડ મંજુર કરાયા છે આમ પાંચ રોડના વિકાસના કામમાંહાલારના રોડનોસમાવેશ કરવામાં આવતા જામનગરલોકસભા બેઠકનાસંસદસભ્ય શ્રી પૂનમબેન માડમએ, માનનીય મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનોઆભાર વ્યક્ત કર્યો છે.

લીલીયાના વિકાસમાં વધુ એક મોરપીંછ ઉમેરાયું

ધારાસભ્ય કસવાલાની જહેમતથી લીલીયા - પાંચતલાવડા રોડ માટે ૧૪.૫૦ કરોડ મંજૂર

લીલીયા - પાંચતલાવડા રોડ ૭ મીટર પહોળો બનશે : શ્રી કસવાલા

સંવેદનશીલ અને નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈનો આભાર માનતા શ્રી કસવાલા



કમલમ્,

સાવરકુંડલા લીલીયા વિધાનસભા ક્ષેત્રમાં ના ભૂતો ના ભવિષ્યમાં રાજ્ય સરકારમાં સતત રજૂઆતો કરીને કામોની કાર્યદક્ષતા સાથે કામ કરવાની કુનેહને અદભુત સંયોગઆ વખતેચૂંટાઈને આવેલા જન પ્રતિનિધિ મહેશભાઈ કસવાલાએ સાબિત કરી બતાવ્યો છે અગાઉ પીવાના પાણીથી લઈને કરોડોરૂપિયાની ગ્રાન્ટો જેમાં સ્પોર્ટ સંકુલ, રોડરસ્તાઓસહિતના કામો માટે સરકારશ્રી માંથી જોબ નંબર સાથેની મંજૂરીમેળવીને ધારાસભ્ય મહેશ કસવાલાએ ચૂંટણી ટાઈમે આપેલા વચનો બે વર્ષના ગાળામાં અઢળક કામો લાવ્યા છે જેમાં લીલીયાતાલુકાના વિકાસમાટે વધુ એક મોર પીંછ ઉમેરવામાં સફળ રહ્યા છે. લીલીયા - પાંચતલાવડા રોડ? ૧૪.૫૦કરોડનાખર્ચે બનવા મંજૂરી મળેલ છે જેમાં હયાત ૩.૭૫ મીટર પહોળા રસ્તાને ૭ મીટર પહોળો બનાવવાની કામગીરી તથા સ્ટ્રકચર વાઈડની રિકન્સ્ટ્રકશનની કામગીરી અને સ્ટ્રેન્ધનીંગ કામો માટે રાજયના સંવેદનશીલ અને નિર્ણાયક મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા આ રસ્તાને મંજૂર કરવા માટે સાવરકુંડલા - લીલીયાની જનતાવતી ધારાસભ્ય કસવાલાએ માન્ય મુખ્યમંત્રીશ્રીનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરેલ તેમ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી.હિરપરા ની અખબારી યાદીમાં જણાવવામાંઆવેલ છે.

ભારતના રાષ્ટ્રપતિએ સિકંદરાબાદની કોલેજ ઓફ ડિફેન્સ મેનેજમેન્ટને ધ્વજ અર્પણ કર્યો

કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૨૦ ડિસેમ્બર, ૨૦૨૪) કોલેજ ઓફ ડિફેન્સ મેનેજમેન્ટ, સિકંદરાબાદને ધ્વજ પ્રદાન કર્યો છે. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કેભારતની ઉન્નત સંરક્ષણ વ્યવસ્થાપન ક્ષમતા રાજદ્વારીઅનેલશ્કરી ભાગીદારીને મજબૂત કરવામાં અને સંરક્ષણ નિકાસ વધારવામાં મદદ કરશે. તેનાથી ભારતને વૈશ્વિક સુરક્ષા ફોરમમાં સક્રિયવલણ જાળવવામાં પણ મદદ મળશે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ટેક્નોલોજીની પ્રગતિનો રાષ્ટ્રીય સુરક્ષા પરઊંડો પ્રભાવછે. ઉભરતી તકનીકો અને નવી વ્યૂહાત્મક ભાગીદારી દ્વારાયુદ્ધની પરંપરાગત વ્યાખ્યાઓ અને પદ્ધતિઓ પડકારવામાંઆવી રહીછે. ભારત ઉભરતી તકનીકો અને કૃત્રિમ બુદ્ધિમત્તાને ઉચ્ચ પ્રાધાન્ય આપી રહ્યું છેઅને ઉન્નત કાર્યક્ષમતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાટે ભારતીય સંરક્ષણ પ્રણાલીમાં તેનો ઉપયોગ કરીરહ્યું છે.

અમે એક સર્વગ્રાહી અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ જેમાં તેના પરંપરાગત દળોને અપગ્રેડ કરવા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડ્રોન, સાયબર યુદ્ધ ક્ષમતાઓ અને અંતરિક્ષ સંરક્ષણ તકનીકો સહિતની અત્યાધુનિક તકનીકોને અપનાવવાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિએ કહ્યું કેઆપણા સશસ્ત્ર દળોના જવાનોને નવીનતમ તકનીકી વિકાસની સાથે સાથે બદલાતીઓપરેશનલ ગતિશીલતા સાથે અપડેટ રાખવાની જરૂર છે. ગ્રે ઝોન વોરફેર અને હાઈબ્રિડ વોરફેરના આ યુગમાંકોલેજ ઓફ ડિફેન્સ મેનેજમેન્ટ જેવી સંસ્થાઓની મહત્વની ભૂમિકા છે. તેમણે બધાને સમય સાથે સતત વિકાસ કરવા અને ઝડપથી બદલાતા સુરક્ષાલેન્ડસ્કેપમાં શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવાનો આગ્રહ કર્યો છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે બહુપક્ષીય આર્થિક અને લશ્કરી માળખા અને જોડાણો દ્વારા, પ્રદેશિક અને વૈશ્વિક સંરક્ષણ ચર્ચાઓમાં ભારતનો પ્રભાવ નોંધપાત્ર રીતે વધ્યો છે. વૈશ્વિક સ્તરે ભારતની સંરક્ષણ ક્ષમતાઓતેની તાકાતઅને આગળ જોવાનીદ્રષ્ટિ બંનેનેપ્રતિબિંબિત કરે છે.

આત્મનિર્ભરતા, તકનીકી પ્રગતિઅને વ્યૂહાત્મકસહયોગ પર ધ્યાન કેન્દ્રિતકરીને, ભારત ન માત્ર તેની સરહદોસુરક્ષિત કરીરહ્યું છે, પરંતુ વૈશ્વિક શાંતિ અને સ્થિરતામાં પણયોગદાન આપીરહ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્સ્ટ્રી (GCCI) ના વાર્ષિક સ્નેહમિલનમાં ઉપસ્થિત રહ્યા

વાઈબ્રન્ટ ગુજરાત સમિટે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યું

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આજે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો મંત્ર સાકાર થઈ રહ્યો છે.

કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્સ્ટ્રી(GCCI)ના વાર્ષિક સ્નેહમિલનમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે GCCIની ૭૫ વર્ષની યશગાથા વર્ણવતી વિડિયો ફિલ્મ લોન્ચ કરવામાં આવી હતી. વધુમાં, આ પ્રસંગે GCCI દ્વારા આવતાવર્ષે યોજાનારા GCCI એન્યુલ ટ્રેડ એક્સ્પો - GATE 2025ની જાહેરાત કરવામાં આવી હતી તથા તેની વિગતો અને આયોજન દર્શાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે GCCIના વાર્ષિક સ્નેહમિલન પ્રસંગે GCCIના સ્થાપક શ્રી કસ્તુરભાઈ લાલભાઈની દિવ્ય ચેતનાને વંદન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ અને કાર્યશક્તિના ફળ ગુજરાતને હરહંમેશ મળતા રહ્યા છે. તત્કાલીન મુખ્યમંત્રી તરીકે તેમણે રાજ્યમાં વેપાર ઉદ્યોગ માટે સાનુકૂળ વાતાવરણ, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત માળખાગત જરૂરિયાતોની વ્યવસ્થા સુનિશ્ચિત કરીહતી. રાજ્યનીવિકાસ યાત્રાના વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુંહતું કે શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં સાબરમતીની કાયાપલટ થકી સાબરમતી રિવરફ્રન્ટ વિકાસ પામ્યો. તેમણે સૌને સાથે રાખીને રાજ્યને વિકાસનામાર્ગે અગ્રેસરરાખ્યું હતું. તેમના માર્ગદર્શનમાં શરૂ થયેલ વાઈબ્રન્ટ ગુજરાત સમિટે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યુંછે, એમ તેમણેઉમેર્યું હતું. આજે ટોચની ૫૦૦ કંપનીમાંથી ૧૦૦થી વધુકંપનીઓ ગુજરાતમાં કામ કરી રહી છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતુંકે, ગ્રીન એનર્જી, સેમિકન્ડકટર જેવા નવીન ક્ષેત્રોમાંઆપણે ઉત્તમ વિકાસ સાધી રહ્યા છીએ, તો સાથે સાથે પ્રાકૃતિક કૃષિ જેવી મુહીમના લીધે આપણે મિશન લાઈફનો મંત્રને પણ સાકાર કરી રહ્યા છીએ. 'યહીં સમય હે, સહી સમય હે' એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આજે ધંધા રોજગાર સહિત દરેક ક્ષેત્રે સોનેરી સમય છે અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો મંત્ર સાકાર થઈ રહ્યોછે. મુખ્યમંત્રીશ્રીએ વિકસિત ભારતના નિર્માણમાં GCCI સહીત વેપાર ઉદ્યોગોનું યોગદાન મહત્વનું રહેવાનું છે એમ જણાવીને સૌને વિકસિતભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે શિવાનંદ આશ્રમના સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતીએ જણાવ્યું હતું કે, પરિવર્તન એ સંસારનો નિયમ છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આધુનિક સમયમાં દરેક ક્ષેત્રે પરિવર્તનજરૂરીબન્યુંછે. આધુનિક સમયમાં જીવનમાં સુખ દુઃખ, જીવનમૂલ્યો અને સામાજિક આદર્શોના પરિમાણો બદલાયા છે ત્યારે આપણી આવનારી પેઢી વધુ ચારિત્ર્યવાન બને એ આપણી સૌની જવાબદારી છે, એમ તેમણે ઉમેર્યું હતું. જાણીતા ઉદ્યોગપતિ અને સામાજિક આગેવાન પદ્મ શ્રી સવજીભાઈ ધોળકીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના મૃદુ અને મક્કમ નેતૃત્વ તથા ત્વરિત નિર્ણય શક્તિના લીધે રાજ્ય આજે વિકાસના માર્ગે તેજ ગતિથી આગળ વધી રહ્યું છે. જીવનમાં વેપાર ધંધા સાથે સમાજ સેવા કરવાથી અને સમાજને પાછું આપવાથી અનેરોઆત્મસંતોષ મળે છે, એમ તેમણે ઉમેર્યું હતું. GCCIના પ્રમુખ શ્રી સંદીપભાઈ એન્જિનિયરે સ્વાગત સંબોધન કરતા જણાવ્યુંહતું કે,મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસના બે વર્ષ હમણાં જ પૂર્ણ થયા છે. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આજે વિવિધ બિઝનેસ ફ્રેન્ડલી પોલિસી, સહાયો અને યોજનાઓના યોગ્ય અમલીકરણ ના લીધે રાજ્યમાં વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે ખરાં અર્થમાં 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની સંકલ્પના સાકાર થઈ રહી છે, એમ તેમણે ઉમેર્યું હતું. GCCIનાવાર્ષિક સ્નેહમિલનમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈન, શ્રી હર્ષદભાઈ પટેલઅને શ્રીઅમિતભાઈ ઠાકર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, GCCIનાપૂર્વ પ્રમુખ શ્રી અજયભાઈ પટેલ, GCCIના હોદ્દેદારોઅને સભ્યો, વિવિધ કમિટીઓના પ્રમુખ તથા કમિટીના સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યાહતા.

પ્રભારી મંત્રી બલવંતસિંહ રાજપૂતે હિંમતનગરમાં જિલ્લાની ચાર પાલિકા ચૂંટણી અંતર્ગત ભાજપના હોદ્દેદારોની બેઠક કરી

કમલમ્,ઈકબાલ મેમણ

સાબરકાંઠા જિલ્લામાંઈડર, ખેડબ્રહ્મા, તલોદ અને પ્રાંતિજ ચાર નગરપાલિકા તેમજ પોશીના વિજયનગર અને પ્રાંતિજ તાલુકા પંચાયતની એક એક સીટની પેટાચૂંટણી આગામી દિવસોમાં આવનારી ચૂંટણી અંતર્ગત આજરોજ જિલ્લા પ્રભારી મંત્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને જિલ્લાના હોદ્દેદારો અને ચાર નગરપાલિકાના મંડલ ના હોદ્દેદારો સાથે હિંમતનગર શહેરમાંબેઠક યોજાઈ. જેમાં આચાર નગરપાલિકામાંવિકાસના કામોકયા સ્ટેજ ઉપર છે તેમજ કયા કામો બાકીછે તેઅંતર્ગત જાણકારીમેળવી હતીતેમજ જ્યાંપ્રશ્નો હોય તે માટે પણ જરૂરી સૂચનોનું તાત્કાલિક નિવારણ આવે તેમાટે આયોજન કરેલ. આ પ્રસંગે જિલ્લા ભાજપપ્રમુખ કનુભાઈ પટેલ, સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેનાઅને ધારાસભ્ય રમણલાલ વોરાએ પણ જરૂરી સૂચનો કરી માર્ગદર્શન આપેલ. આ બેઠકમાં ધારાસભ્ય વી.ડી. ઝાલા, જિલ્લા મહામંત્રી વિજય ભાઈ પંડ્યા, મહેન્દ્રસિંહ રહેવર વગેરે પણ હાજર રહેલ.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિવિલ મેડિસીટી ડેવલપમેન્ટના જોયેલા સ્વપ્નનું નિર્માણકાર્ય હવે પૂર્ણતાના આરે - આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અમદાવાદ સિવિલ મેડિસિટીની મુલાકાત

અમદાવાદ સિવિલ મેડિસિટીમા અંદાજીત રૂ. ૮૪૦ કરોડના વિવિધ કામોના નિર્માણકાર્ય અને આયોજન સહિતના માસ્ટર પ્લાનની વિગતે સમીક્ષા કરતા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મેડિસીટીના નિર્માણાધીન પ્રોજેક્ટસ અને મેડિસિટીના માસ્ટર પ્લાનની વિગતવાર સમીક્ષા કરી

-: સમીક્ષા થયેલ વિષયો :-

- મેડિસિટીમાં પ્રવેશતા દર્દીઓ માટે સાયનેજ(હોર્ડીંગ્સ) ના આધારે માહિતી મળે તેવી વ્યવસ્થાનું આયોજન
- સમગ્ર કેમ્પસમા L Shape અને મલ્ટીલેવલ પાર્કિંગ ની વ્યવસ્થા
- હાલ સમગ્ર કેમ્પસમા કુલ ૮ પ્રવેશ દ્વાર છે જેમાં ૨ ગેટ વધારીને કુલ ૧૦ ગેટ કરાશે
- સિવિલ મેડિસિટી કેમ્પસની પાસેના મેન્ટલ કંપાઉન્ડ અને મણીબેન હોસ્પિટલ કેમ્પસનુ પણ આગામી જરૂરીયાત આધારે માસ્ટર પ્લાન તૈયાર કરવાની મંત્રી શ્રીની સૂચના

કમલમ્,

અમદાવાદની ૧૨૦૦ બેડ હોસ્પિટલ ખાતે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ સિવિલ મેડિસિટીના ડેવલપમેન્ટના માસ્ટર પ્લાનનીસમીક્ષાબેઠક યોજાઈ હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સિવિલ મેડિસીટીના ડેવલપમેન્ટના જોયેલા સ્વપ્નનું નિર્માણકાર્ય હવે પૂર્ણતાના આરે છે. સિવિલ મેડિસિટીમાં ઉપલબ્ધ તમામ તબીબી અને સુપર-સ્પેશ્યાલિસ્ટ સેવાઓ રાજ્ય અને દેશની અન્ય હોસ્પિટલ માટે પણ ઉદાહરણીય બની છે. સિવિલ મેડિસિટીમાં ઉપલબ્ધ વિવિધસુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓના પરિણામે ગુજરાતના મેડિકલ ટુરિઝમમાં વધારો થઈરહ્યો છે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ કહ્યું હતું. મેડિસિટીમા પ્રવેશતા, બહાર જતા અને અંદર વિવિધ હોસ્પિટલ અને સેવાઓ માટે આવતા દર્દીઓ, તેમના સગાઓ માટે કેમ્પસ સિમલેશ મોબિલિટી, સાયનેજ(હોર્ડીંગ્સ)ના આધારે માહિતી મળે તેવી વ્યવસ્થાનુ આયોજન. સમગ્ર કેમ્પસમા એલ શેપ પાર્કિંગની વ્યવસ્થા થાય તે માટેના માસ્ટર પ્લાન અંગે વિગતવાર સમીક્ષા કરાઈ હતી. હાલ સમગ્રકેમ્પસમા કુલ ૮ પ્રવેશ દ્વાર છે,જેમાં ૨ ગેટ વધારવાનું આયોજન હાથ ધરવામાં આવશે. સિવિલ મેડિસિટીકેમ્પસની પાસેના મેન્ટલ કંપાઉન્ડ અને મણીબેન હોસ્પિટલ કેમ્પસનું પણ આગામી જરૂરીયાત આધારે માસ્ટર પ્લાન તૈયાર કરવાની સૂચના મંત્રી શ્રી ઋષિકેશ પટેલ દ્વારા સમીક્ષા બેઠકમાં આપવામાં આવી હતી. સિવિલ મેડિસિટીમા આ ઉપરાંત રૂ. ૮૩૮ કરોડના ખર્ચે વિવિધ પ્રોજેક્ટના કામો પણહાથ ધરવામા આવ્યાં છે. જેમાં ૧૮૦૦ બેડની OPD,IPD,ICU સહિતની સુવિધાઓ ધરાવતી હોસ્પિટલ રૂ.૫૮૮ કરોડનાખર્ચે તૈયાર થશે જેનું ટેન્ડર થઈ ગયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અસારવા સિવિલ કેમ્પસમાં વિવિધ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે. જેમાં મેડિકલ કોલેજ, સીવીલ હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ, યુ.એન. મહેતા કાર્ડીયાક હોસ્પિટલ (UNMICRC), કિડની હોસ્પિટલ(૮૦૦ બેડ), MCH 1200 બેડ, ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, સ્પાઈન ઈન્સ્ટીટ્યુટનો સમાવેશ થાય છે. મોટા પ્રમાણમાં દર્દીઓ તથા દર્દીઓના સગા-વાહલાઓની અવર-જવર અને અન્ય સુવીધાો સુવ્યવસ્થિતરીતે પૂરી પાડી શકાય તે માટે કેમ્પસ ડેવલપમેન્ટની કામગીરી કરાશે. જેમાં મુખ્યતત્વેમલ્ટીલેવલ પાર્કિંગ તથા નવા સૂચિત બિલ્ડીંગોમાં બેઝમેન્ટ પાર્કિંગની સુવિધા, અપગ્રેડેશનઓફ કેમ્પસરોડ નેટવર્ક વીથ ઈન્ટરનલ અને એક્સર્ટર્નલ સાઈનેઝીસ, હોસ્પિટલને એપ્રોચ કરતા રસ્તાઓ પર પ્રોપર લોકેશન અને જે તે સુવિધાની બિલ્ડંગ સુધી સહેલાઈથી પહોંચી શકાય અને ટ્રાફીક નીવારી શકાશે. આ ઉપરાંત એન્ટ્રી—એક્ઝીટમાટેના વધારાના નવા ગેટ,જે તે તબીબી સુવિધાના બિલ્ડીંગ માટે ટ્રાફીકના વિભાજન કરી સહેલાઈથી પહોંચવા માટે તૈયાર કરાશે. ટ્રોમા અને બી. જે. મેડિકલના ગેટ પાસે ટ્રાફીકની સમસ્યાના નિવારણ અને સેપ્રેસન માટે ઓકઝીલરી લેન બનશે. તદ્ ઉપરાંત નવી પી. જી.ની સીટોના વધારાને લક્ષમાં લઈ ૧૨૦૦ વિદ્યાર્થિઓ માટે હોસ્ટેલનું બાંધકામ કરાશે. કેન્સર હોસ્પિટલ માં નિર્માણાધીન વિવિધ પ્રોજેકટના નવીન બિલ્ડિંગ નાઆયોજન અંગે અને યુ.એન.મહેતા હોસ્પિટલના વિવિધ પ્રોજેકટસની સમીક્ષા કરાઈ હતી. મેડિસીટીના નિર્માણાધીન પ્રોજેકટની વિગતવાર સમીક્ષા બેઠકમાં આરોગ્ય સચિવ શ્રી ધનંજય દ્વિવેદી,આરોગ્ય કમિશનર શ્રી હર્ષદ પટેલ,મેડિસીટીની તમામ હોસ્પિટલનાવડા, પી.આઈ.યુ.ના વડા બેઠકમાંઉપસ્થિત રહ્યા હતા.

સાવરકુંડલા ગાધકડા તેમજ ગણેશગઢ ગામના ખેડૂતોના પ્રશ્નોનું સુખદ સમાધાન કરાવતા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કાછડીયા

કમલમ્,

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામના ખેડૂતો દ્વારા પાણી પુરવઠા યોજના અંતર્ગત ચાલતા કામમાં રૂકાવટ લાવતા આ પ્રશ્નની જાણ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા ને થતા તેઓએ સાવરકુંડલા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાની સૂચનાઅને માર્ગદર્શન નીચે ખેડૂતોને તથા અધિકારીઓને સાથે રાખી સ્થળ ઉપર સમજાવટ કરીઅનેઆ પ્રશ્નનુંસુખદ સમાધાન કરાવી વિકાસના કામને આગળ વધારવાનો પ્રયાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલછે અને આપ્રશ્નના નિકાલથીલોકોમાંગેરસમજ જે હતી તે દૂર કરાવી ખેડૂતોને થતા પાકના નુકસાનનો નિયમોમુજબ વળતર સહાય મળે તેવી અધિકારીઓ તરફથી પણ સંમતિ આપતા આ પ્રશ્નનું સુખદ સમાધાન કરવામાં આવેલ છે આ કાર્યવાહીમાં તાલુકા પંચાયત સાવરકુંડલાના પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા તથા સાવરકુંડલા તાલુકાના સરપંચ એસોસિએશનના પ્રમુખશ્રી હિતેશભાઈ ખાત્રાણી તથા ખેડૂતો અને ગામ આગેવાનો સાથે પાણી પુરવઠાના અધિકારીઓપણ હાજર રહેલ હતા.

રાજયકક્ષાની ૩૩મી શાસ્ત્રીયસ્પર્ધાનો ઉત્સાહ ભર્યો સમાપન સમારોહ યોજાયો વિજેતાઓને સન્માનિત કરાયા

કમલમ્,

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, નિયામક શાળાઓની કચેરી ગાંધીનગર, ગુજરાત સંસ્કૃત પાઠશાળા શિક્ષકમંડળ આયોજિત અને શ્રી શંકરાચાર્ય અભિનવ સચ્ચિદાનંદ તીર્થ સંસ્કૃત મહાવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે રાજ્ય કક્ષાની ૩૩મી શાસ્ત્રીય સ્પર્ધાનો સમાપન સમારોહમાં અનંત શ્રી વિભૂષિત જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદસરસ્વતી મહારાજના પ્રતિનિધિશ્રી બ્રહ્મચારી નારાયણનંદજીની અધ્યક્ષતામાં વિશેષ અતિથિ નિયામકશ્રી શાળાઓની કચેરી ગાંધીનગર શ્રી પ્રજેશકુમાર રાણા સંયુક્ત શિક્ષણનિયામક શ્રી યતિનભાઈ ચૌધરી સાહેબ, શ્રી લલિતભાઈ પટેલ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, શ્રી પિનાકીન ભાઈ જાની,વિશ્વ કલ્યાણ મંડળ, કલોલ, નિરીક્ષક શ્રી સંસ્કૃત પાઠશાળા શ્રી વસંત તેરૈયા, શ્રીનરેશકુમાર રાઠોડ, શ્રી એચ. આર. જાડેજા DEO, શ્રીમતિ મધુબેન ભટ્ટ DPEO જામનગર, તથા ગુજરાત રાજ્ય પાઠશાળા મંડળના પ્રમુખ ડૉ. મનોજગિરિજી, રઘુભાઈજોશી તથા મંડળના હોદ્દેદારો અને ગુજરાત રાજ્યભરની વિવિધ સંસ્કૃત પાઠશાળા, મહાવિદ્યાલયો તથા વિશ્વવિદ્યાલયથી પધારેલા નિર્ણાયકો, માર્ગદર્શકો, પ્રધાનાચાર્યો, અધ્યાપકો, સ્પર્ધાર્થીઓ તથા દ્વારકાના નગરજનો અને પધારેલા મહેમાનોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનો શુભારંભ દીપપ્રાગટ્ય અને વૈદિક મંત્રોચ્ચારથી કરાયો હતો. ત્યારબાદ ૩૬ વિવિધ સ્પર્ધાઓમાંઅધિક અંકોપ્રાપ્ત કરેલ મહાવિદ્યાલયોને પ્રથમ -દ્વિતીય- તૃતીય ક્રમ અપાયો હતો. જેના આધારે વિજયવૈજયંતીટ્રોફી પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય પોરબંદરને સતત પાંચમી વખત એનાયત થયેલ. તેમજ દ્વિતીય ક્રમાંકે બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલય, નડિયાદ, તૃતીય ક્રમે દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય (SGVP), છારોડી અમદાવાદ આવેલ. આ ૩૬ સ્પર્ધાઓમાંવ્યક્તિગત પ્રથમ-દ્વિતીય-તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર ચેકની સાથે પ્રમાણપત્ર તથા સુવર્ણપદકો આપવામાં આવ્યા હતા. દ્વારકા શારદાપીઠ સંચાલિત શ્રીશંકરાચાર્ય ગુરુકુલ દ્વારકાના યજમાન પદે યોજાયેલ રાજ્ય કક્ષાની ૩૩મી શાસ્ત્રીય સ્પર્ધાનોપાંચદિવસનો આ કાર્યક્રમ ખૂબ સફળતાપૂર્વક સંપન્ન થયો. એવું સંસ્થાનાપ્રધાનાચાર્ય ડૉ. કુલદીપભાઈ પુરોહિતની અખબારી યાદીમાં જણાવાયું છે. આ ૩૩મી રાજ્ય સ્તરીય શાસ્ત્રીયસ્પર્ધા એના સહભાગી વિદ્યાર્થીઓ આયોજન, ભોજન વ્યવસ્થા અને પૂજ્ય શંકરાચાર્યશ્રીના આશીર્વાદ અને નિયામકશ્રી શાળાઓની પ્રેરક ઉપસ્થિતિ થકી 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવીઅભૂતપૂર્વ રહેલ એવું અત્રે પધારેલ સર્વે મહાનુભાવોએ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ જણાવેલ છે.

૫૦ વર્ષો બાદ વીજપડીને ટ્રાફિક માંથી છુટકારો થયો: શ્રી કસવાલા

બે તબક્કાના કામ માંથી એક તબક્કાનુ કામ પૂર્ણ થતા બાયપાસ ખૂલ્લું મૂકવામાં આવ્યું.

કમલમ્,

સરકારશ્રી માંથીજોબ નંબર આવી ગયા બાદ અટકી પડેલા કામોની અગ્રતા અને વિકાસની હરણફાળ ભરવામાં હંમેશા અગ્રેસર રહેનાર કર્મનિષ્ઠ ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા મંજુર કરાવેલ ૧ કરોડને ૬૦ લાખના ખર્ચે વીજપડી બાયપાસ અને વીજપડી મેઈન બજારમાં સી.સી રોડ તથા ઉઁ ડ્રેઈન ના બે તબક્કાના કામોમાં આજ રોજ એક તબક્કાનું કામ પૂર્ણ થતા ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ વીજપડી બાયપાસ રોડનું શુભારંભ કરયું હતું અને સાથો સાથ શ્રી કસવાલા જણાવ્યું હતું કે ૫૦ વર્ષ પછી વીજપડી વાસીઓને ટ્રાફિકની સમસ્યા માંથી મુક્તિ મળી છે અને હજુ વીજપડી વાસીઓ માટે બાકીના વિકાસ કામો હાથ ધરવામાં આવશે તેમજ બાકીરહેલ વીજપડીમેન બજારમાં સીસી રોડ તથા ઉઁ ડ્રેઈનના કામનું શુભારંભ થયું હતું. આ શુભકાર્યમાં ધારાસભ્યશ્રી કસવાલાની સાથે તાલુકા ભાજપ પ્રમુખશ્રી જીવનભાઈ વેકરીયા, વીજપડી ગામના આગેવાન શ્રી હરેશભાઈ ભુવા, શ્રી નીતિનભાઈ નગદીયા, શ્રી વિજયભાઈ ચાવડા, સરપંચ શ્રી ભરતભાઈ ગીગૈયા, માર્ગ મકાન પંચાયત વિભાગના અધિકારીશ્રીઓ અને બાવળી સંખ્યામાં ગ્રામજનો અને ભાજપ કાર્યકર્તાઓઉપસ્થિત રહ્યાહતા તેમ "અટલધારા" કાર્યાલયના ઈન્ચાર્જશ્રી જે. પી. હિરપરા ની અખબારી યાદીમાં જણાવવામાં આવેલછે.

સાબરકાંઠા જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

લોકહિતના પાયાના પડતર પ્રશ્નો ઝડપી નિકાલ કરવા મંત્રીશ્રીની અધિકારીઓને સૂચના

કમલમ્,

સાબરકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી અને ઉદ્યોગ, નાગરિકઉડ્ડયન શ્રમઅને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે જિલ્લાના વિકાસના કામો મંજૂર થયાં છે તે પ્રજાલક્ષી વિકાસ કામો ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું. વિકાસના કામો ઝડપથી પૂર્ણથાય અનેલોકોની સુખાકારીમાં વધારો થાય તે જોવા ઉપર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં ટ્રાફિક, એસટી ડેપો, જમીન માપણી,ઓવરબ્રિજ, ગટર લાઈન, સ્વચ્છતા સહિત વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચાકરવામાં આવીહતી. આ બેઠકમાંનગરપાલિકાઓના વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી.આ ઉપરાંતવિવિધ યોજનાના લાભાર્થીઓ લાભથી વંચિત ન રહે અને ઝડપથી લાભ મળે તે અંગે જણાવ્યુંહતું. આબેઠકમાંજિલ્લાના અધિકારીઓએ વિકાસના કામો કયાસ્ટેજે છેઅને કેટલીપ્રગતિથઈ તેનોરિપોર્ટપ્રભારી મંત્રીસમક્ષ રજૂ કર્યોહતો. આબેઠકમાંહિંમતનગર ધારાસભ્ય શ્રી વી ડી ઝાલા, ઈડર ધારાસભ્યશ્રી રમણલાલ વોરા, જિલ્લાકલેકટરશ્રી ડૉ. રતન કંવર ગઢવી ચારણ, જિલ્લા પોલીસ વડાશ્રી વિજયપટેલ, ઈ.ચા જિલ્લા વિકાસ અધિકારીશ્રી પાટીદાર, નિવાસીઅધિક કલેકટરસુશ્રી ક્રિના વાઘેલા, અગ્રણીશ્રી કનુભાઈ પટેલ, અગ્રણીશ્રી વિજય પંડ્યા સહિત વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે નવી દિલ્હીમાં જમ્મુ અને કાશ્મીર પર ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી

ગૃહમંત્રીએ મિશન મોડમાં એરિયા ડોમિનેશન પ્લાન અને ઝીરો ટેરર પ્લાનના અમલીકરણ પર ભાર મૂક્યો હતો

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આતંકવાદ સામેની ઝીરો ટોલરન્સ નીતિને અનુરૂપ, અમે 'આતંક મુક્ત જમ્મુ અને કાશ્મીર'ના લક્ષ્યને વહેલી તકે હાંસલ કરીશું

મોદી સરકાર તમામ સુરક્ષા દળોના સંયુક્ત પ્રયાસોથી જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ પર સંપૂર્ણ વર્ચસ્વ સ્થાપિત કરવા પ્રતિબદ્ધ છે

વિધાનસભાની ચૂંટણી અને લોકસભાની ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરના લોકોની અભૂતપૂર્વ ભાગીદારી દર્શાવે છે કે તેઓ લોકશાહીમાં સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ આતંકવાદી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો, ઘૂસણખોરી અને આતંકવાદી સંગઠનોમાં યુવાનોની ભરતી માટે સુરક્ષા એજન્સીઓના પ્રયાસોની પ્રશંસા કરી

મોદી સરકારના સતત અને સંકલિત પ્રયાસોને કારણે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદની ઇકો-સિસ્ટમ લગભગ ખતમ થઈ

કેન્દ્રીય ગૃહ મંત્રીએ તમામ સુરક્ષા એજન્સીઓને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદને ખતમ કરવા માટે સંકલિત રીતે કામ કરવાનું ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો

કમલમ્,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રીઅમિત શાહનીઅધ્યક્ષતામાં આજે નવીદિલ્હીમાં જમ્મુઅને કાશ્મીર પર ઉચ્ચ-સ્તરીય સુરક્ષાસમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાંજમ્મુ અનેકાશ્મીરનાં લેફ્ટનન્ટ ગવર્નર શ્રી મનોજ સિંહા, કેન્દ્રીય ગૃહ સચિવ, ડાયરેક્ટર (આઈબી), સેચીફ, ચીફ ઓફ આર્મી સ્ટાફ, જીઓસી-ઇન-સી (નોર્ધન કમાન્ડ), ડીજીએમઓ, જમ્મુ-કાશ્મીરનાં મુખ્ય સચિવ અને ડીજીપી, સીએપીએફનાંવડાઓ તથાગૃહ મંત્રાલયનાં અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ બેઠકને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતુંકે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આતંકવાદ સામેની ઝીરો ટોલરન્સ પોલિસીનેઅનુરૂપ અમેવહેલીતકે 'ટેરર ફ્રીજમ્મુ-કાશ્મીર'નું લક્ષ્ય હાંસલ કરીશું અને આ માટે તમામ સંસાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમણે કહ્યું કે મોદી સરકાર તમામ સુરક્ષા દળોના સંયુક્ત પ્રયાસોથી જમ્મુ-કાશ્મીરમાંઆતંકવાદ પર સંપૂર્ણ પ્રભુત્વ સ્થાપિતકરવા માટે પ્રતિબદ્ધ છે. શ્રીઅમિત શાહે જણાવ્યું હતુંકે, જમ્મુ અને કાશ્મીરનાં લોકોની વિધાનસભાની ચૂંટણીઓ અને લોકસભાની ચૂંટણીમાં અભૂતપૂર્વભાગીદારી એદર્શાવે છે કે, તેમને દેશની લોકશાહીમાં સંપૂર્ણ વિશ્વાસ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ આતંકવાદી ઘટનાઓ, ઘૂસણખોરી અને આતંકવાદી સંગઠનોમાં યુવાનોની ભરતીમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટેસુરક્ષા એજન્સીઓનાપ્રયાસોની પ્રશંસા કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીઅને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, મોદી સરકારના સતત અને સંકલિત પ્રયાસોના કારણે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદની ઇકો-સિસ્ટમ લગભગ સમાપ્ત થઈ ગઈ છે. તેમણે તમામ સુરક્ષા એજન્સીઓને જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદને ખતમકરવા માટે સંકલિતરીતે કામ કરવાનું ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો. શ્રી શાહે મિશન મોડમાં એરિયા ડોમિનેશન પ્લાન અને ઝીરોટેરર પ્લાનના અમલીકરણપર ભાર મૂક્યોહતો.

ગુજરાતનાં વૈવિધ્ય સભર વારસાથી મહિલા પત્રકારો અભિભૂત થયા

સૂર્યમંદિર, કીર્તિ તોરણ અને બૌધકાલીન સ્થળની મુલાકાત લીધી

કમલમ્,

કેરળથી ગુજરાતનાં પ્રવાસે આવેલા મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળે ગુજરાતનાં ઐતિહાસિક વારસામાં મોખરાનું સ્થાન ધરાવતા વડનગરની મુલાકાત લીધી હતી. તા. ૧૬થી ૨૩ ડિસેમ્બર સુધી ગુજરાતનાં વિકાસ કાર્યો, પ્રવાસન સ્થળો અને ઐતિહાસિક વારસાને જાણવા માટે કેરળથી આવેલા મહિલા પત્રકારોએ મોઢેરાના સૂર્યમંદિરની મુલાકાત લીધી હતી. ગાઈડ જીતેન્દ્રસિંહ સોલંકી પાસેથી આ પ્રતિનિધિ મંડળને મંદિરનો ઈતિહાસ, તેની બાંધણી, શિલ્પાકૃતીઓઅને તેનોઅર્થ વગેરે ઝીણવટભરી માહિતી મેળવી પત્રકારો અભિભૂત થયા હતા. ગુજરાતનાં ઐતિહાસિક વારસામાં મોખરાનું સ્થાન ધરાવતા વડનગરની પણ તેમણે મુલાકાત લીધીહતી. જ્યાંબૌદ્ધકાલીન સ્થળ, કીર્તિ તોરણ, પ્રેરણા સંકુલ અને ઉત્ખનન કાર્ય ચાલે છે એ સ્થળ વગેરેની મુલાકાત કરી હતી. આ તમામ સ્થળોની તલસ્પર્શી માહિતી પુરાતત્વવિદ્ પ્રિતમ મૈઈતી, પ્રોજેક્ટ મોનીટરીંગ યુનિટ, વડનગર દ્વારા આપવામાં આવીહતી. ગુજરાતનાં પુરાતત્વ સ્થળની મુલાકાત લીધા બાદ આ વારસો વૈવિધ્ય જોવા પરિવાર સાથે આવવાની ઈચ્છા દર્શાવી હતી. પત્રકાર પ્રતિનિધિ મંડળ તેમના પ્રવાસ અંતર્ગત આગામી સ્થળનડાબેટની મુલાકાત માટે જશે.

ભારત ગૌરવ પુરસ્કાર સમારંભમાં કેન્દ્રીય રાજય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાનું પ્રેરક સંબોધન

કમલમ્,

ભારત ગૌરવ પુરસ્કાર સમારંભમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ દેશભરમાંથી પસંદગી પામેલી પ્રતિભાઓનુ સમાજ તથા માનવતામાટે તેમની સેવા બદલ સન્માન કર્યું. કાર્યક્રમનું આયોજન ભારત ગૌરવ એવોર્ડફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યુ હતું કે જે ૨૦૧૭થી સમાજને નવી દિશા આપતી ઉત્કૃષ્ટ પ્રતિભાઓને ઓળખ તથા પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહ્યુ છે. તેમણે સમારંભને સંબોધતા જણાવ્યું હતું, "આ ખૂબજ ગૌરવની વાત છે કે ફાઉન્ડેશનના માધ્યમથી દેશભરની તેવીહસ્તીઓનુ સન્માન કરવામાં આવીરહ્યુ છે કે જેમણે સમાજનાવિકાસમાં નોંધપાત્રફાળો આપ્યો છે. આવાપ્રયત્નો રાષ્ટ્ર નિર્માણમાં પ્રેરણા આપે છે તથા યુવાઓને આગળ વધવાનો રાહ ચીંધે છે." તેમણએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈમોદીના નેતૃત્વહેઠળ ભારતની પ્રગતિનો ઉલ્લેખ કરતાજણાવ્યું હતુંકે ભારતઆજે વિશ્વનુંપાંચમુ સૌથી મોટું અર્થતંત્ર છે અને ટુંક સમયમાં જ ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ અગ્રેસર છે. શ્રીમતી બાંભણિયાએ યુવાઓ માટે ચલાવાઈ રહેલી યોજનાઓપર ભાર આપતાજણાવ્યું :

- પીએમ કૌશલ વિકાસ યોજના હેઠળ લાખો યુવાઓને તાલીમબદ્ધ કરાયાં.
- ગ્રામ્ય વિસ્તારોમાંયુવાઓને ઈન્ટર્નશિપતેમજ કૌશલવિકાસની નવી તકો પૂરી પાડવામાં આવી રહી છે
- સ્ટાર્ટઅપ સંસ્કૃતિને પ્રોત્સાહન આપતાભારતમાં ૧.૧૭લાખ કરતા વધુ સ્ટાર્ટઅપ્સની નોંધણી કરવામાં આવીછે.
- ઉચ્ચ શિક્ષણ તેમજ કૌશલ વિકાસ માટે વિશેષ યોજનાઓ લાગુ કરવામાં આવીરહી છે.

આ પ્રસંગે ઉત્તરાખંડના મુખ્ય મંત્રી શ્રી પુષ્કર સિંહ ધામી, ભાજપના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી દુષ્યંતકુમાર ગૌતમ, રાજ્યસભા સાંસદ શ્રી મહેન્દ્ર ભટ્ટ તથા અન્ય અનેક પ્રતિષ્ઠિત હસ્તીઓએ પોતાની ઉપસ્થિતિ વડે સમારંભનીશોભા વધારીહતી. કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રીએ ફાઉન્ડેશન તેમજ પસંદગી સમિતના સભ્યોનો આ આયોજન બદલ આભાર વ્યકત કર્યો હતોઅને સન્માનિતવ્યક્તિત્વોને અભિનંદન આપતા સૌનું આહ્વાન કર્યું હતુ કે તેઓ વડાપ્રધાનશ્રીના ૨૦૪૭ સુધી વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે એક થઈ કાર્ય કરે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028